# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 18-09-2026** **EVENING: 7.10 TO 7.20**
**DAY : FRIDAY** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

1) **કેન્દ્ર સરકારે જથ્થાબંધ ગ્રાહકો માટે ખાંડની સંગ્રહમર્યાદા 15 દિવસથી વધારીને 30 દિવસ કરી**

2) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ ’ અને ‘સેવા ફર્સ્ટ ઇનોવેશન ચેલેન્જ’નો ગાંધીનગરથી શુભારંભ કરાવ્યો**

3) **ગુજરાત અને દિલ્હી પોલીસે એક સંયુક્ત કાર્યવાહીમાં 12 કરોડ રૂપિયાનો માદક પદાર્થ પકડ્યો**

4) **રાજ્યના 224 તાલુકામાં આજે મેઘમહેર- આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી**

5) **જાપાનને હરાવી ભારતની મહિલા ક્રિકેટ ટીમ એશિયન ગેમ્સની સેમિફાઇનલમાં પહોંચી**

---------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GOV ON SUGAR PRICE

કેન્દ્ર સરકારે જથ્થાબંધ ગ્રાહકો માટે ખાંડની સંગ્રહમર્યાદા 15 દિવસથી વધારીને 30 દિવસ કરી દીધી છે. આ છૂટછાટ એ શરતે આપવામાં આવી છે કે પ્રવર્તમાન 15 દિવસની મર્યાદા કરતાં વધુ સ્ટોક કરવામાં આવેલી ખાંડનો જથ્થો માત્ર એડવાન્સ ઓથોરાઇઝેશન સ્કીમ અને ટેરિફ રેટ કોટા હેઠળ આયાત કરાયેલી ખાંડમાંથી જ મેળવવો પડશે.

ઉપભોક્તા બાબતો , ખાદ્ય અને સાર્વજનિક વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે ખુલ્લા બજારમાંથી ખાંડની ખરીદી માટે સ્ટોક મર્યાદા યથાવત રહેશે અને તે માત્ર 15 દિવસના વપરાશ સુધી જ મર્યાદિત રહેશે. આ નિર્ણય સરકારે ખાંડના મુખ્ય જથ્થાબંધ વપરાશકારો સાથે વિગતવાર વિચાર-વિમર્શ કર્યા બાદ લીધો છે.

# CM GGQ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ' અને 'સેવા ફર્સ્ટ ઇનોવેશન ચેલેન્જ'નો આજે ગાંધીનગરથી શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે વિદ્યાર્થીકાળને અભ્યાસ અને કારકિર્દીની સાથે સામાજિક ફરજ નિભાવવાનો શ્રેષ્ઠ સમય ગણાવ્યો. શ્રી પટેલે ઉમેર્યું, ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝની પરિકલ્પનામાં જ્ઞાન સાથે શિક્ષણ, સ્પર્ધા અને સરકારી યોજનાઓના લાભો અંગે જાગૃતિનો સમન્વય રહેલો છે.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

*(સરકાર તમારી સાથે, હર પળ તમારી સાથે રહેવા તૈયાર છે. સ્ટાર્ટઅપ માટે પણ સરકારની આખી ઇકોસિસ્ટમ તૈયાર છે. સ્ટાર્ટઅપમાં તમને જે સ્ટાર્ટઅપ માટે તમે આગળ વધવા માંગતા હોય એમાં સરકાર તમારી સાથે કદમથી કદમ મિલાવવા તૈયાર છે તો આવો આપણે સૌ સાથે મળી અને આગળ વધીએ.)*

ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ એ રાજ્યના ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓ, કૉલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો માટે ખુલ્લી મુકાઈ છે. કુલ આઠ અઠવાડિયા સુધી ચાલનારી આ ક્વિઝમાં સ્પર્ધકો માટે 11 કરોડથી વધુના રોકડ પુરસ્કારો રાખવામાં આવ્યા છે. આ સાથે 'સેવા ફર્સ્ટ ઇનોવેશન ચેલેન્જ' અંતર્ગત સરકારી વિભાગો, મહાનગરપાલિકાઓ અને ઉદ્યોગોની વાસ્તવિક સમસ્યાઓના ટેક્નોલોજીકલ નિવારણ લાવવા યુવાનોને આહ્વાન કરાયું છે.

# MODHVADIYA SEMICON

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયા આજે દિલ્હીમાં યોજાયેલા સેમિકોન ઈન્ડિયા 2026માં સહભાગી બન્યા. આ પ્રસંગે તેમણે ગુજરાતના મુખ્ય સેમિકન્ડક્ટર હબ તરીકેના દરજ્જા તથા નવા ઉદ્યોગો અને રોકાણોને આકર્ષવા માટેની વ્યૂહરચના પર પ્રકાશ પાડ્યો.

## (BYTE: ARJUN MODHWADIA, CABINET MINISTER)

***भारत जो सेमीकंडक्टर इकोसिस्टम का एक इम्पोर्टेन्ट पार्टनर बन चुका है। और आज हम भी इंडिया में ये जो सेमीकंडक्टर इकोसिस्टम है, उन में लीडर है, पार्टनर है और लीडिंग पार्टनर भी है। और सबसे बड़ी बात ये है की दुनिया के सब बड़े प्लेयर है वो अभी इंडिया में आना चाहते है, अपनी प्रेसेंस बनाना चाहते है और ये इकोसिस्टम का पार्ट बनना चाहते है।***

# RAJYPAL-GANDHINAGR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં રાજ્યમાં ચાલી રહેલા ઊર્જા બચાવો અભિયાન અંગે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ . જેમાં વિવિધ સરકારી વિભાગો , મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા વહીવટીતંત્ર તથા શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહેલી ઊર્જા બચતની કામગીરીની સમીક્ષા કરાઇ. રાજ્યપાલે જણાવ્યું હતું કે , ઊર્જા બચતને ઔપચારિક કામગીરી નહીં , પરંતુ મિશન મોડમાં પરિણામલક્ષી રીતે અમલમાં મૂકવી જરૂરી છે.

# GUJARAT POLICE HEROIN

ગુજરાત અને દિલ્હી પોલીસે એક સંયુક્ત કાર્યવાહીમાં 12 કરોડ રૂપિયાનો માદક પદાર્થ પકડ્યો છે. દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલે ગુજરાત ગુના શાખા સાથે સંયુક્ત કાર્યવાહીમાં દિલ્હી અને ગુજરાત વચ્ચે કાર્યરત માદક પદાર્થની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે અને 2 કિલો પાકિસ્તાની મૂળનો માદક પદાર્થ જપ્ત કર્યો છે. પોલીસે જણાવ્યું હતું કે કાર્યવાહી દરમિયાન એક આરોપીની ધરપકડ પણ કરવામાં આવી હતી. આરોપીની ઓળખ રાજસ્થાનના કુલદીપ સ્વામી તરીકે થઈ છે.

પોલીસના જણાવ્યા અનુસાર, સ્વામી માદક પદાર્થ-ખંડણી સહિતની ગુનાખોરીમાં સામેલ હતો અને વડોદરામાં નોંધાયેલા આશરે 10 કરોડ રૂપિયાની ખંડણી કેસમાં ફરાર હતો.

.

# GANDHINAGAR JAHERNAMU

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી દરમિયાન સોશિયલ મીડિયા અને બલ્ક મેસેજિંગ પર નિયંત્રણ લાદવામાં આવ્યું છે. આ અંગે જિલ્લા મેજિસ્ટ્રેટ રવિન્દ્ર ખતાલેએ બહાર પાડેલા જાહેરનામા અનુસાર મુજબ BSNL, Airtel, VI અને Jio સહિતની મોબાઈલ સર્વિસ પ્રદાતા કંપની તેમજ ફેસબુક , વોટ્સએપ, એક્સ સહિતની સોશિયલ મીડિયા સાઈટ્સ પર આચારસંહિતાનો ભંગ થાય તેવા બલ્ક મેસેજ, પોસ્ટ કે અન્ય પ્રકારના સંદેશાઓનું પ્રસારણ નહીં કરી શકાય.

આ આદેશ 16 ઓક્ટોબર, 2026 સુધી અમલમાં રહેશે.

# PRAVIN MALI EXPO

વાહન વ્યવહાર રાજ્યમંત્રી પ્રવિણ માળીએ જણાવ્યું કે નવીનતા, એકીકરણ અને હસ્તક્ષેપથી રાજ્ય સરકાર માર્ગ સલામતીને વધુ સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે. ગાંધીનગર ખાતે યોજાયેલા 27મા SAFE વાર્ષિક સંમેલન-ટકાઉ પરિવહન એક્સપો'માં તેમણે જણાવ્યું કે માર્ગ અકસ્માતો અટકાવવા માટે માત્ર કાયદા અને ટેક્નોલોજી જ પૂરતા નથી, પરંતુ સમાજમાં 'સિવિક સેન્સ' અને પરસ્પર આદરનો અભિગમ કેળવવો અત્યંત જરૂરી છે.

આ રાજ્યના 'રોડ સેફ્ટી વારિયર્સ'ને એવોર્ડ એનાયત કરાયા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SEVA-SANKALP

"સેવા સંકલ્પ અભિયાન " અંતર્ગત રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અમદાવાદના સાણંદના નાની દેવતી ખાતે યુવા સંવાદ કાર્યક્રમ યોજાયો. ઉપરાંત વડનગરથી વારાણસી સુધીની બાઈક યાત્રાને મુખ્યમંત્રીએ સાણંદમાં આવકારી.

અમદાવાદના વસ્ત્રાલમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતમાં બાઇક રેલીનું નાગરિકોએ સ્વાગત કર્યું. ત્યારબાદ શ્રી સંઘવીએ ખેડાના કનીજની સહકારી દૂધ ઉત્પાદક મંડળીની મહિલાઓ સાથે સંવાદ કર્યો.

**(BYTE: HARSH SANGAVI, DYCM)**

*<u>સૌ ખેડૂતો જે વર્ષોથી રાત દિવસ મહેનત કરો છો જેમને વર્ષો વર્ષથી રાહ જોઈ હતી અને આદરણીય પ્રધાનમંત્રી શ્રી આપ સૌના ખાતામાં કિસાન સન્માન નિધિના માધ્યમથી દર વર્ષે ૬૦૦૦ રૂપિયા મોકલવાનું શરૂઆત કર્યું.</u>*

બનાસકાંઠામાં કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી જગાણાથી કુચાવાડા સુધી બાઇક યાત્રામાં જોડાયા હતા. તો વડગામ તાલુકાના મગરવાડા ખાતે પણ રક્તદાન શિબિર યોજાઇ. કચ્છમાં વોંધ ખાતે વિશેષ આયુષ્માન–PM-JAY કાર્ડ મેગા કેમ્પ યોજાયો.

ધોળકામાં ધારાસભ્ય કિરીટસિંહ ડાભીની અધ્યક્ષતામાં રક્તદાન શિબિર યોજાઈ , જેમાં કુલ 52 બોટલ રક્ત એકત્રિત કરાયું. ભુજ, પાટણ કચ્છ યુનિવર્સિટી તેમજ અમરેલીમાં પણ રકતદાન શિબિર યોજાઇ.

જામનગરના સિદસર ઉમિયાધામ ખાતે અને પંચમહાલમાં શક્તિપીઠ પાવાગઢ ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આશીર્વાદનો દીવો પ્રગટાવાયો.

# GUJARAT RAIN

રાજ્યમાં 224 તાલુકામાં આજે મેઘમહેર થઈ છે જેમાં અરવલ્લી જિલ્લાના મેઘરજમાં સૌથી વધુ ત્રણ ઇંચ વરસાદ ખાબક્યો છે. તો અમદાવાદમાં પણ આજે પોણા ત્રણ ઇંચ વરસાદ પડ્યો. ભારે વરસાદને પગલે વાસણા બેરેજના 14 દરવાજા ખોલાયા. જ્યારે મહિસાગરના કડાણા અને ગાંધીનગરમાં માણસામાં બે ઇંચથી વધુ વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા. અત્યાર સુધી પડેલા ભારે વરસાદને પગલે રાજ્યના 43 જળાશય હાઇએલર્ટ પર છે.

# WEATHER FC

રાજ્યમાં આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે દાહોદ અને છોટા ઉદેપુરમાં અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ અપાયું છે. હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું હતું કે અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, પંચમહાલ, મહીસાગર, વડોદરા અને નર્મદામાં આજે ભારે વરસાદનું યલો એલર્ટ અપાયું છે.

## (BYTE: DR. A.K. DAS, DIRECTOR)

***आज का जो फोरकास्ट है 18 से 24 तक इसमें हल्का से मध्यम बरसात का संभावना रहेगा पूरा राज्य में। फिशरमैन भाई के लिए वार्निंग है, इसमें सी कंडीशन मॉडरेट टू रफ होने का संभावना रहेगा। थंडरस्टॉर्म वार्निंग गुजरात रीजन के लिए आज और कल के लिए दिया गया है 18 और 19 सितम्बर के लिए गुजरात रीजन, और सौराष्ट्र कच्छ के लिए 18 सितम्बर आज के लिए दिया गया है। अहमदाबाद के लिए जनरली क्लाउडी स्काई दिया गया है।***

# ASIAN GAMES WOMEN CRICKET

આજે જાપાનના નિશિન ખાતે રમાયેલી એશિયન ગેમ્સ મહિલા ક્રિકેટ ક્વાર્ટર ફાઇનલમાં ભારતે બોલિંગમાં શાનદાર પ્રદર્શન કરીને જાપાનને 19.5 ઓવરમાં માત્ર 57 રનમાં ઓલઆઉટ કરી દીધું. ભારત તરફથી શ્રી ચારાનીએ 10 રનમાં ચાર વિકેટ લીધી અને શેફાલી વર્માએ 13 રનમાં બે વિકેટ લીધી. 58 રનના લક્ષ્યાંકને , ભારતે માત્ર પાંચ ઓવરમાં હાંસલ કર્યો અને 90 બોલ બાકી રહેતા વિજય મેળવ્યો. શેફાલી વર્માએ 15 બોલમાં અણનમ 40 રન બનાવ્યા. આ જીત સાથે ભારત સેમિફાઇનલમાં પહોંચી ગયું છે, જ્યાં તેનો મુકાબલો રવિવારે બાંગ્લાદેશ સામે થશે.

# MAHESANA-MEDICAL-TEAM

મહેસાણા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ભાદરવી પૂનમે અંબાજીના દર્શનાર્થે જતા પદયાત્રાળુઓ માટે 25 મેડિકલ કેમ્પ અને 14 મોબાઇલ મેડિકલ ટીમની વ્યવસ્થા કરી છે. પદયાત્રાના માર્ગ પર આવતી તમામ જનરલ હોસ્પિટલ , સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને 24 કલાક ખુલ્લા રાખવા આદેશ અપાયા છે. મોબાઈલ મેડિકલ ટીમો સતત રૂટ પર પેટ્રોલીંગ કરશે જેથી રસ્તામાં જરૂરિયાત મુજબ પદયાત્રાળુઓને તુરંત તબીબી સહાય અને માર્ગદર્શન પૂરૂં પાડી શકાય.